# નવસારી કૃષિ યુનિવર્સિટી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

નવસારી–૩૯૬ ૪૫૦.

## <u>૫ રિ ૫ ત્ર</u>

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીની કચેરીનાં તમામ યુનિટ સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણા અધિકારીઓને જણાવવાનું કે, આપની કચેરીનાં બીલોના સમયસર ચુકવણા થઈ શકે તેમજ હિસાબી કામગીરી સરળતાથી ચાલી શકે તે હેતુસર નીચે મુજબની સુચનાઓ જારી કરવામાં આવે છે તેનો ચુસ્તપણે તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે.

૧: નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરી ધ્વારા ખરીદી અંગેના બીલો રજુ કરવા માટે એકસુત્રતા જળવાઈ રહે તે હેતુસર ખરીદી અંગેનું બીલ આ સાથે સામેલ નિયત નમુનામાં પ્રમાણિત કરીને રજુ કરવાના રહેશે.

૨: તમામ પ્રકારના બીલો પાર્સીગ અર્થે ટ્રેઝરી ઓફિસમાં રજુ કરતી વખતે બીલના મથાળે કચેરીનો ગોળ સિકકો યુનિટ નંબર સાથે મારીને પછી જ બીલો અત્રેની કચેરીમાં રજુ કરવાનાં રહેશે.

૩: અત્રેની કચેરીનાં ધ્યાને આવેલ છે કે, ઘણી ખરી કચેરીઓ તરફથી જે હેતુ માટે એબસ્ટ્રેકટ બીલો ઉપાડવામાં આવે છે તે હેતુ સિવાય બીજા અન્ય ખર્ચ કરવામાં આવે છે જે હિસાબી દ્રષ્ટિએ બરાબર નથી. જેથી જયારે પણ એન.પી.ડી.સી.બીલોનો હિસાબો રજુ કરવાનાં થાય ત્યારે તેની સાથે એબસ્ટ્રેકટ બીલની ઝેરોક્ષ વાઉચર નંબર / તારીખ સાથે એન.પી.ડી.સી.બીલ સાથે જોડવાની રહેશે. જે હેતુ માટે ઉપાડેલ હશે તે જ હેતુ માટે કરેલ ખર્ચનાં બિલ માન્ય રાખવામાં આવશે. તેમજ ઉચ્ચક બીલથી ઉપાડેલ નાણાનો હિસાબ સમયમર્યાદામાં રજ કરવામાં નહીં આવે તો જે તે કચેરીના બીલોનું ચુકવણું કરવામાં આવશે નહીં અને તેની સઘળી જવાબદારી ઉપાડ અને ચુકવણા અધિકારીની રહેશે.

૪: ઘણી ખરી કચેરીઓ તમામ પ્રકારની ડિપોઝીટ ચુકવણાંના બીલો રજુ કરતી વખતે જે તે ડિપોઝીટને ડિપોઝીટ રજીસ્ટરે જમા લીધા વગર પાર્સીગ માટે અત્રેની કચેરીમાં રજુ કરવામાં આવે છે જે યોગ્ય નથી. જેથી ડિપોઝીટ રજીસ્ટરે જમા લઈને આધાર સાથે બીલો રજુ કરવાનાં રહેશે.

૫: નવસારી કૃષિ યુનિવર્સિટીની સ્થાનિક કચેરીઓની આવક ચલણ ધ્વારા હાલમાં એસ.બી.આઈ. બ્રાન્ચ ખાતે એન.એ.યુ. ફંડ એકાઉન્ટ તેમજ એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડમાં જમા કરવામાં આવે છે તેમાં ઘણીવાર ચલણની ડુપ્લીકેટ કોપી બેંકમાંથી ગેરવલ્લે થવાથી કે અન્ય કારણોસર સમયસર મળતી ન હોવાથી આવક જમા લઈ શકાતી નથી જેથી બેંક દ્વારા

સ્વીકારેલ ચલણની ડુપ્લીકેટ કોપી રૂબરૂમાં અત્રેની કચેરીમાં પહોંચતી કરવાની રહેશે જેથી સમયસર આવક જમા લઈ ચલણ પાસ કરી શકાય. અને આ પાસ થયેલ ચલણની નોંધ આપની કચેરીના આવક રજીસ્ટરમાં કરી લેવાની રહેશે.

૬: સ્થાનિક કચેરી ધ્વારા રજુ કરવામાં આવતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સિવાયની જુદી જુદી બેંકોના આવકના ચેકો અલગ અલગ ચલણ ધ્વારા જ જમા કરાવવાના રહેશે.

૭: કોમ્પ્યુટર ઉપર પ્રિન્ટ કરીને રજુ કરવામાં આવતા ચલણની ત્રણેય નકલમાં ચલણની ઉપર ઓરીજનલ / ડુપ્લીકેટ / ટ્રીપ્લીકેટ અલગ અલગ દર્શાવી ચલણ રજુ કરવાના રહેશે.

૮: જે તે માસના પગારબીલમાં કોઈપણ જાતની રકમમાં ફેરફાર થયેલ હોય તો તે અંગેનું તફાવતની પુરેપુરી વિગત સાથેનું પત્રક બીલ સાથે ફરજીયાત સામેલ રાખવાનું રહેશે. અને તેવા જ પગારબીલો પાસ કરવામાં આવશે. પગારબીલમાં જો કોઈ કર્મચારીઓના પગાર આકારવામાં આવેલ ન હોય અને પગારબીલની સાથે જોડવામાં આવતા બેંક સ્ટેટમેન્ટની નકલમાં નામ અને રકમમાં " ઝીરો " હોય તો રદ કરવાના રહેશે. જેથી બેંકમાં નાણા જમા કરાવતી વખતે અન્ય કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ.

૯: કોઈપણ કર્મચારી/અધિકારીને પગાર સુધારણાં અંગેના આદેશ થયેલ હોય તો તે આઈએફએમએસ હેઠળ પગાર બાંધણી કરાવી આઈએફએમએસના હુકમની નકલ બીલ સાથે રજુ કરવાની રહેશે.

ઉપરોકત પરિપત્રનો અમલ હિસાબી સરળતા અને એકરૂપતા જળવાઈ રહે તે હેતુસર હિસાબી અધિકારી વ હિસાબ નિયામકશ્રીની સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૧/ ૨૭૪૩–૨૭૯૨ /૨૦૧૪
નવસારી તા.૧૮.૬.૨૦૧૪

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ

૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.

૩: આ કચેરીના તમામ ટેબલો તરફ

બજેટ હેડ :

## પ્રમાણપત્ર

૧. આ બીલમાં જણાવેલ વસ્તુ ખરીદવાની /રીપેરીંગના ખર્ચની મંજુરી આપવાની સત્તા ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ (સત્તા સોપણી) નિયમ–૨૦૧૧ ના સ્ટેચ્યુટ નં.૧૨૧ની આઈટેમ નં. .................... મુજબ એનાયત થયેલ સત્તા પ્રમાણે હેડ ઓફિસ/હેડ ઓફ યુનિટ/યુનિ.ઓફિસર્સ/માન.કુલપતિશ્રીની મંજુરી નં. .......... તારીખ. .......... થી મંજુરી મળેલ છે. હુકમની નકલ સામેલ છે.

૨. આ બીલમાં જણાવેલ ખર્ચ આ વિભાગની ........... યોજના બજેટ સદર ...............માં સમાવેશ કરવામાં આવેલ છે.

૩. બીલમાં દર્શાવેલ માલની ખરીદી બજાર ભાવ તપાસી ભાવો મેળવી સૌથી ઓછા ભાવ મુજબ છે. અને સારી સ્થિતિમાં મળેલ છે. જે સ્ટોર/ડેડસ્ટોક/ટેલીફોન/સ્ટેમ્પ/સ્ટેશનરી/કોમ્પ્યુટર/ઝેરોક્ષ/ પરચુરણ માલ સામાન/ ......... રજીસ્ટરનાં પાના નં. .............નાં રોજ જમા કરવામાં આવેલ છે.

૪. સદર હું બીલમાં દર્શાવવામાં આવેલ ખર્ચ સેલ્સ ટેક્ષ/એડી. ટેક્ષ/એકસાઈડયુટી/સેન્ટ્રલ ટેક્ષ વિગેરે પાર્ટીના માન્ય થયેલ ભાવ મુજબ ચકાસણી કરવામાં આવેલ છે. અને તે મુલબ પાર્ટીના બીલમાં દર્શાવ્યા મુજબની રકમ રૂા. ............../– (અંકે રૂા. ............)પુરા ચુકવવા ભલામણ કરવામાં આવે છે.

૫. બીલમાં દર્શાવ્યા મુજબ વાહન નં. .............. ની રીપેરીંગની કામગીરી સંતોષકારક થયેલ છે હિસ્ટ્રીશીટ / રીપેરીંગ રજી. પાના નં. ............ તા. ................. થી નોંધ કરેલ છે. જે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આ બીલ સહીત કુલ ખર્ચ રૂા. ........... /– (અંકે રૂા. ............) થયેલ છે.

૬. બીલમાં પટ્રોલ/ડીઝલ/ઓઈલ વગેરે વાહન નં. ............. માટે ખરીદ કરવામાં આવેલ છે. જે લોગબુક ભાગ ................. પાના નં. .............. તા. .............. થી જમા કરવામાં આવેલ છે.

૭. બીલમાં દર્શાવેલ વાહન નં. ........... ના રીપેરીંગ કામ કરતી વખતે જે સમયે જુના પાર્ટસ પરત મેળવીને આ કચેરીનાં સ્કેપ રજી. પાના નં. ............ તા. .............. ના રોજ જમા લીધેલ છે.

૮. સદર હું ખર્ચ કચેરીની અગત્યની કામગીરીને ધ્યાને લઈ તેમજ યુનિવર્સિટીનાં હિતાર્થે કરવામાં આવેલ છે.

૯. સદર કામગીરીની નોંધ લોગબુક પાના નં. ............. થી ............. સુધી કરવામાં આવેલ છે.

સ્થળ :

તારીખ : કચેરીના વડાની સહી/સિકકો

..........................................................................................................

Passed for payment Rs. ..........................................................................

Rupees ...................................................................................................

ઉપાડ અને ચુકવણા અધિકારીની સહી/સિકકો